# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા, અમદાવાદ

સંપર્ક નં. : ૦૭૯-૨૬૩૦૦૮૩૪

યુ.ક. નં/૦૦૮/૨૦૨૧

તા: ૦૨-૦૯-૨૦૨૧

<u>તાકીદનું</u>

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

વિષય: રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિતે મેઘાણીના ગીતોની સ્પર્ધાઓ યોજવા અંગે.

સંદર્ભઃ (૧) ઉચ્ચ શિક્ષણ કમીશ્નરની કચેરી તરફથી આવેલ પત્ર જા. નંબરઃ ISC-7/યુનિ./૨૦૨૧/ તા. ૨૩/૦૮/૨૦૨૧

(૨) Knowledge Consortium of Gujarat તરફથી આવેલ પત્ર નં. કેસીજી/૨૦૨૧-૨૨/૯૨૮ તા. ૨૫/૦૮/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી કરવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા.૨૯-૦૮-૨૦૨૧ થી તા. ૩૦-૦૯-૨૦૨૧ દરમ્યાન કોલેજ, યુનિવર્સિટી અને રાજ્ય કક્ષાએ મેઘાણીના ગીતોની સ્પર્ધાઓનું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબત તેમજ વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે આપની કોલેજ/ભવન/સંસ્થા માં આ સાથે સામેલ ઉચ્ચ શિક્ષણ કમીશ્નરની કચેરી તરફથી આવેલ પત્ર અને Knowledge Consortium of Gujarat તરફથી આવેલ પત્ર મુજબ સ્પર્ધાઓનું આયોજન કરવાનું રાખશો. ત્યારબાદ આપની કોલેજ/ભવન/સંસ્થામાં થયેલ સ્પર્ધાના તમામ સ્પર્ધકોની માહિતી તથા પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમના વિજેતાઓની માહિતી તા.૦૮-૦૯-૨૦૨૧ સુધીમાં **gujuniyw@gmail.com** પર ઈ-મેલથી Excel Sheet માં તૈયાર કરી મોકલી આપશો.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

નાયબ નિયામક યુવક કલ્યાણ

બિડાણ - ઉપર મુજબ

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/ યુનિ./૨૦૨૧/ તા. ૨૩/૦૮/૨૦૨૧

પ્રતિ,
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ.
- આચાર્યશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી સંસ્થાઓ

વિષય : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે મેઘાણીના ગીતોની સ્પર્ધા યોજવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે માન. મુખ્યમંત્રી દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્ય કાર્યક્રમ તથા ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં યુનિવર્સીટીઓ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની જિલ્લાકક્ષાની કચેરી દ્વારા તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ કાર્યક્રમ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોની સ્પર્ધાના આયોજની જાહેરાત કરવામાં આવનાર છે.

જેના ભાગરૂપે તા.૨૯/૦૮/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૧ દરમ્યાન શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે રાજ્યની તમામ કોલેજો, યુનિવર્સિટી તેમજ રાજ્ય કક્ષાએ મેઘાણીના ગીતોની સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| સ્પર્ધાનું નામ : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેચંદ મેઘાણી દ્વારા રચિત અને સંપાદિત ગીતોનું કાવ્યગાન (શૌર્યગીત, લોકગીત વગેરે) | | | |
|---|---|---|---|
| ક્રમ | કાર્યક્રમ | તારીખ | સર્ટીફીકેટ/ઇનામ |
| ૧ | કોલેજ કક્ષાએ | ૨૯/૮/૨૦૨૧ થી ૪/૯/૨૦૨૧ | પ્રથમ, દ્વીતીય તથા તૃતીય ક્રમના વિજેતાઓને સર્ટીફીકેટ |
| ૨ | યુનિવર્સિટી કક્ષાએ | ૫/૯/૨૦૨૧ થી ૨૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૨,૧૦૦, દ્વીતીય વિજેતાને રૂ.૧,૫૦૦ તથા તૃતીય વિજેતાને રૂ.૧,૦૦૦ |
| ૩ | રાજ્ય કક્ષાએ | ૨૧/૯/૨૦૨૧ થી ૩૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૧૧,૦૦૦, દ્વીતીય વિજેતાને રૂ.૭,૫૦૦, તૃતીય વિજેતાને રૂ. ૫,૦૦૦, ચતુર્થ વિજેતાને રૂ. ૪,૦૦૦ તથા પાંચમા વિજેતાને રૂ.૩,૦૦૦ |

ઉક્ત સ્પર્ધાઓ માટે આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાંથી વધુને વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધમાં ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. કોલેજ કક્ષાએ નિર્ણાયકો તરીકે (૧) આચાર્યશ્રી ના પ્રતિનિધિ (૨) યુવા સાંસ્કૃતિક વિભાગના જિલ્લા કક્ષાના અધિકારી/તેમના પ્રતિનિધિ (૩) લોકસાહિત્યકાર હોય તે ઇચ્છનીય છે.

કોલેજ કક્ષાએ પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતાઓને યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી પુરસ્કાર/ઈનામ આપવાનું રહેશે. યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધા માટે નિર્ણાયકો તરીકે (૧) યુનિવર્સિટીના પ્રતિનિધિ (૨) કલેક્ટર કચેરીના પ્રતિનિધિ (૩) યુવા સાંસ્કૃતિક વિભાગના પ્રતિનિધિ (૪) લોકસાહિત્યકાર હોય તે ઇચ્છનીય છે.

યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમે આવેલ વિદ્યાર્થીઓને રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૧/૦૯/૨૦૨૧ના રોજ કે.સી.જી. કચેરી, અમદાવાદના સંકલનમાં રહી આપની યુનિવર્સિટીના નોડલ અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં કે.સી.જી. કચેરી, અમદાવાદ ખાતે મોકલી આપવાના રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધા માટેના નિર્ણાયકો કે.સી.જી. કચેરીએ રમત-ગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના સંકલનમાં રહી નક્કી કરવાના રહેશે.

ઉપરોકત તમામ કાર્યવાહી એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ તથા ઓ.એસ.ડી, શ્રી આર.કે.શાહ (AISHE)ના (ઈ-મેલ : sno-aishe@gujgov.edu.in, sno-kcg@gujarat.gov.in સંપર્ક નં.7574827504) સંકલનમાં રહીને પૂર્ણ કરવાની રહેશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

નિયામક
ટેકનિકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના જાણ સારુઃ-

- એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ
- શ્રી આર.કે.શાહ(AISHE), કે.સી.જી. કચેરી, અમદાવાદ

Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં: કેસીજી/૨૦૨૧-૨૨/૧૨૪

તા. ૨૫/૦૮/૨૦૨૧

તાકીદનું (વિનંતીથી)

પ્રતિ
વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સીટી,
ગુજરાત રાજ્ય.

વિષય:"આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી બાબત

સંદર્ભ: ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ કમીશનરશ્રીના તા.૨૩/૦૮/૨૦૨૧ના પત્રક્રમાંક:ISC/7/યુનિ./૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત સંદર્ભ અને વિષય અનુસાર, "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જંન્મ જયંતીની ઉજવણી કરવાનું ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા.૨૯/૦૮/૨૦૨૧થી તા.૩૦/૦૯/૨૦૨૧ દરમ્યાન કોલેજ,યુનિવર્સીટી અને રાજ્ય કક્ષાએ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત ગીતો(કાવ્ય, શોર્યગીત, લોકગીત)ની સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

| સ્પર્ધાનું નામ : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત અને સંપાદિત ગીતોનું ગાન (શોર્યગીત, લોકગીત વગેરે) | | | |
|---|---|---|---|
| ક્રમ | કાર્યક્રમ | તારીખ | સર્ટીફિકેટ/ઈનામ |
| ૧ | કોલેજ અને યુનિ.ડીપાર્ટમેન્ટ કક્ષાએ | ૨૯/૮/૨૦૨૧ થી ૪/૯/૨૦૨૧ | પ્રથમ, દ્રીતીય તથા તૃતીય ક્રમના વિજેતાઓનેસર્ટીફિકેટ |
| ૨ | યુનિવર્સીટી કક્ષાએ | ૫/૯/૨૦૨૧ થી ૨૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૨,૧૦૦, દ્રીતીય વિજેતાને રૂ.૧,૫૦૦ તથા તૃતીય વિજેતાને રૂ.૧,૦૦૦ |
| ૩ | રાજ્ય કક્ષાએ | ૨૧/૯/૨૦૨૧ થી ૩૦/૯/૨૦૨૧ | પ્રથમ, દ્રીતીય, તૃતીય, ચતુર્થ તથા પાંચમાં વિજેતાને અનુક્રમે રૂ.૧૧,૦૦૦, રૂ.૭,૫૦૦, રૂ.૫,૦૦૦, રૂ.૪,૦૦૦ અને રૂ.૩,૦૦૦ |

આપની કોલેજો અને યુનિવર્સીટીમાં વધુને વધુ વિદ્યાર્થીઓ આ આયોજનમાં હિસ્સેદાર બને તેવા આપણે સૌએ પ્રયત્ન કરવાના છે.આ અંતર્ગત કોલેજમાં તથા યુનિવર્સીટીના તમામ ડીપાર્ટમેન્ટમાં **તા.૨૯/૦૮/૨૦૨૧ થી તા.૪/૦૯/૨૦૨૧** દરમ્યાન આ કાર્યક્રમનું આયોજન કરવા વિનંતી.(ખાનગી યુનિવર્સીટીએ પણ તેમની Constituent Collegesમાં કે ડીપાર્ટમેન્ટમાં આ પ્રકારે આયોજન કરવું.)

ત્યારબાદ **તા.૫/૦૯/૨૦૨૧** થી **તા.૨૦/૦૯/૨૦૨૧** દરમ્યાન કોલેજ અને ડીપાર્ટમેન્ટમાંથી વિજેતા સ્પર્ધકો માટે "યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધા" નું આયોજન કરવા વિનંતી.

આ આયોજન /સ્પર્ધા સારી રીતે થાય તે માટે આપની યુનિવર્સીટી દ્વારા નોડલ ઓફિસર ની નિમણુક કરવાની રહેશે.આ માટે નીચેની Link પર નોડલ ઓફિસરની વિગત તાત્કાલિક મોકલી આપવી.

Link: https://forms.office.com/r/rXskYyEZ4M

તા.૨૯/૦૮/૨૦૨૧ થી તા.૦૪/૦૯ ૨૦૨૧ દરમ્યાન કોલેજ અને ડીપાર્ટમેન્ટમાં થયેલ સ્પર્ધામાં તમામ સ્પર્ધકોની માહિતી તા.૫/૦૯/૨૦૨૧ના રોજ sno-aishe@gujgov.edu.in પર ઈ-મેલથી **Excel**માં મોકલી આપવાની છે. અને યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવાનું છે.

તા.૨૦/૦૯/૨૦૨૧ના રોજ નોડલ ઓફિસરે યુનિવર્સીટી કક્ષાએ વિજેતા પ્રથમ ત્રણ ક્રમના સ્પર્ધકોની વિગતો ગુગલ ફોર્મ દ્વારા આપવાની રહેશે.આ યાદી મુજબના સ્પર્ધકો વચ્ચે રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન "નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત –અમદાવાદ" (કે.સી.જી.) ખાતે તા.૨૧/૦૯/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ દરમ્યાન થશે.આ યાદી મેળવવા અલગથી ગુગલ Link આપવામાં આવશે.

ઉપરોક્ત કામગીરી માટે જવાબદારી નોડલ ઓફિસરની રહેશે.

પ્રો.એ.યુ.પટેલ,
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

બીડાણ: ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ કમીશનરશ્રીના તા.૨૩/૦૮/૨૦૨૧ના પત્રક્રમાંક:ISC/7/યુનિ./૨૦૨૧

નકલ રવાના:

૧. અંગત સચિવ- અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય(જાણ સારું)

૨. ડાયરેક્ટરશ્રી, હાયર એજ્યુકેશન (જાણ સારું)

૩. ડાયરેક્ટરશ્રી, ટેકનીકલ એજ્યુકેશન (જાણ સારું)

૪. રજીસ્ટ્રારશ્રી , સદર યુનિવર્સીટી (અમલ સારું)